


# મહિલાઓના શ્રમનું અવમૂલ્યન

તાજેતરમાં જ દેશી-વિદેશી માધ્યમોમાં એ સમાચાર ચમક્યા હતા કે ભારતમાં કામકાજી મહિલાઓની સંખ્યા ઘટી રહી છે. તેમાં ★સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમીક્ષનો એક રિપોર્ટના હવાલાથી જણાવ્યું કે ૨૦૨૨માં દેશમાં માત્ર ૧૦ટકા કામકાજી ઉંમરની મહિલાઓ કાં તો કાર્યરત હતી, કાં નોકરીની શોધમાં હતી. આ આંકડાને આધાર બનાવીને કેટલાક વિદેશી મીડિયા સંસ્થાઓએ ભારતની છબિ ખરડવા માટે ભારતીય આર્થિક નીતિઓને લૈંગિક સમાનતા વિરોધી રૂપે ચત્રિતિ કરી. આવું પહેલી વાર નથી થયું. આંતરરાષ્ટ્રીય એજન્સીઓ દ્વારા કરવામાં આવેલ એવા કેટલાય અધ્યયન યેનકેન રીતે આ અસત્યને સ્થાપિત કરવાનો જ પ્રયાસ કરતા આવ્યા છે કે ભારતનું આર્થિક વિકાસ મોડલ લૈંગિક સમાનતાને સ્થાપિત કરવામાં સંપૂર્ણપણે અસફળ રહ્યું છે. એવામાં, અસત્ય તથા સત્યની વચ્ચે છૂપાયેલી વાસ્તવિકતાને સામે લાવવા માટે કેટલાક મહત્ત્વપૂર્ણ તથ્યો પર ગંભીરતાથી ચર્ચા જરૂરી છે.

કોઈપણ દેશની આર્થિક સમીક્ષા તથા કાર્યબળનું વશ્લિેષણ કરતાં પહેલાં એ દેશની પૃષ્ઠભૂમિને ધ્યાનમાં રાખવી બહુ જરૂરી હોય છે. યાદ રહે કે ઔદ્યોગિક દેશો અને કૃષપ્રિધાન દેશોમાં મહિલાઓના કામકાજી સ્તરના આકલનની પદ્ઘતિ બિલકુલ અલગ હોય છે. જો આ દષ્ટિકોણની અવહેલના કરવામાં આવે તો ભારત જેવા કૃષપ્રિધાન દેશના આર્થિક સર્વેક્ષણનાં એવાં જ પરિણામ આવશે જે લૈંગિક સમાનતાના વિરોધી જણાય છે. જે દેશોને મહિલા અધિકારોના સંરક્ષણકર્તા રૂપે દેખાડવામાં આવે છે, તેમાંથી મોટાભાગની આર્થિક સંરચના ઔદ્યોગિક માળખા પર ઊભી છે. વશ્વિ બેંકના ૨૦૨૦ના રિપોર્ટ અનુસાર ન્યૂઝીલેન્ડ તથા સ્વટ્ઝિરલેન્ડમાં કામકાજી મહિલાઓની ટકાવારી અનુક્રમે ૪૭.૭૧ અને ૪૬.૮ ટકા છે, પરંતુ ત્યાં ખેતી કાર્યમાં સંલગ્ન મહિલાઓની ટકાવારી માત્ર ૩.૬ અને ૨.૬ ટકા છે. તેનાથી વિપરીત ભારતના કૃષિ ક્ષેત્રમાં સંલગ્ન મહિલાઓની ટકાવારી ૮૦ છે, પરંતુ જમીન માલિકી માત્ર ૧૪ ટકા પાસે છે. ભારતની મોટાભાગની મહિલા શ્રમિકોના શ્રમની આર્થિક ગણના જ નથી થઈ શકતી, કારણ કે તે પરિવારના ખેતરોમાં કાર્ય કરે છે. ભલે તેઓ કોઈ અન્ય જેટલું જ કામ કરતી હોય, પરંતુ તેમના કામની સ્થિતિ પારિવારિક સહયોગમાં ગણવામાં આવે છે. માઉન્ટેન રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ જર્નલે ઉત્તરાખંડમાં ખેતી તથા તેને સંબંધિત કાર્યો સાથે જોડાયેલી મહિલાઓ પર અધ્યયનમાં એ સત્યને ઉજાગર કર્યું હતું, જેને દાયકાઓથી સામે લાવવાની જરૂરિયાત હતી.

સર્વેક્ષણ દરમ્યાન મહિલાઓને તેમના કામ બાબતે પૂછવામાં આવ્યું તો તેમનો જવાબ હતો કે તેઓ કોઈ કામ નથી કરતી, પરંતુ જ્યારે તેમના કામનું વશ્લિેષણ કરવામાં આવ્યું તો ખબર પડી કે પરિવારના પુરુષ સરેરાશ નવ કલાક કામ કરી રહ્યા છે, જ્યારે મહિલાઓ ૧૬ કલાક! જો તત્કાલીન સરકારી દરો પર અનેક કામ માટે ન્યૂનતમ ચૂકવણી કરવામાં આવે તો પુરુષને ૧૨૮ રૂપિયા પ્રતિદિન તથા મહિલાને ૨૨૮ રૂપિયા પ્રતિદિન પ્રાપ્ત થાય. કંઈક એવી જ સ્થિતિ શહેરી ક્ષેત્રોની પણ છે. જ્યાં પારિવારિક વ્યાપાર અને કુટિર ઉદ્યોગમાં મહિલાઓ પરિવારના પુરુષ સદસ્યો જેટલું જ કામ કરે છે, પરંતુ તે અર્થશાસ્ત્રમાં કામકાજી મહિલાઓની નર્દિષ્ટિ પરિભાષાના દાયરાની બહાર આવી જાય છે. તેથી તેમના કાર્યની આર્થિક ગણનાનું મૂલ્ય શૂન્ય હોય છે. બીજું મહત્ત્વપૂર્ણ તથ્ય એ છે કે કામકાજી મહિલાઓ સંબંધિત એ જ સમયાવધિમાં ★પીરિયોડિક લેબર ફોર્સ સર્વેક્ષનો રિપોર્ટ કંઈક અલગ આંકડા રજૂ કરે છે. જુલાઈ ૨૦૨૧થી જૂન ૨૦૨૨ની વચ્ચે ૧૪,૦૧૨ ગામડાં તથા ૧૧,૫૧૧ શહેરી બ્લોકના સર્વેક્ષણ પર આધારિત આંકડા દર્શાવે છે કે ગ્રામીણ ક્ષેત્રોમાં ૩૫.૮ ટકા તથા શહેરી ક્ષેત્રોમાં ૨૧.૯ ટકા મહિલાઓ કામકાજી છે. એ તમામ અધ્યયન જે ભારતમાં ઘટતી કામકાજી મહિલાઓની વાત કરે છે, તેમને એ તમામ બિંદુઓ પર ગંભીરતાથી વિચાર કરવો પડશે, જે તેમના અધ્યયને તાર્કિક આધાર પર સત્યાપિત કરી શકે. એવા સર્વેક્ષણોમાં જેટલું મહત્ત્વ પસંદ કરેલા એકમોનું હોય છે, તેનાથી વધુ સર્વેક્ષણકર્તાઓની એ દષ્ટિનું હોય છે, જે પ્રશનાવલીમાં અંકિત પ્રશ્નોથી અલગ સત્યને શોધવાનો પ્રયાસ કરે છે. જો ૨૦૧૧માં ઉત્તરાખંડમાં થયેલ કામકાજી મહિલાઓના અધ્યયનને પ્રશ્નાવલીના દાયરા સુધી જ બાંધી દેવામાં આવ્યો હોત તો તેનાં પરિણામ ફરીથી એ જ તથ્યને સ્થાપિત કરતાં કે ભારતમાં કામકાજી મહિલાઓની સંખ્યા બહુ ઓછી છે.

**તંત્રી : પ્રકાશ ચોધરી**

---

### ખેલ મહાકુંભ-૩ માં જિલ્લામાં વધુમાં વધુ રમતવીરો જોડાય તે માટે એકેડમી ફુટબોલ કોચ હેમાંગી ગોરની અપીલ

## ખેલ મહાકુંભના માધ્યમ થકી ૨૮ વર્ષિય હેમાંગી ગોર હાલમાં સાબર સ્ટેડીયમ હિંમતનગર ખાતે એકેડમી ફુટબોલ કોચ તરીકે ફરજ બજાવી રહ્યા છે

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૯

સાબરકાંઠા જિલ્લામાં સાબર સ્પોર્ટ્સ સ્ટેડિયમ ખાતે એકેડમી ફુટબોલ કોચ તરીકે ફરજ બજાવી રહેલા હેમાંગી ગોરે જિલ્લામાં વધુમાં વધુ રમતવીરો ખેલ મહાકુંભ-૩ માં જોડાય તે માટે અપીલ કરી છે.

હેમાંગી ગોર જણાવે છે કે તેઓ તલોદ તાલુકાના રણાસણ ગામના વતની છે. તેઓએ ખેલ મહાકુંભના માધ્યમ થકી વર્ષ ૨૦૧૧ માં ફુટબોલ રમવાની શરૂઆત કરી હતી. વર્ષ ૨૦૧૬માં તેઓ ઈન સ્કુલ ટ્રેનર તરીકે અને વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ સુધી તેઓ ડિએલએસએસ માં ફુટબોલ કોચ તરીકે ફરજ બજાવી હતી.વર્ષ ૨૦૨૧ થી અત્યાર સુધી તેઓ એકેડમી ફુટબોલ કોચ તરીકે સાબર સ્ટેડીયમ હિંમતનગર ખાતે સેવા આપી રહ્યા છે. ગુજરાતી વિષય સાથે





સ્નાતક થયેલા હેમાંગી ગોર વધુમાં જણાવે છે કે રમત ગમત જીવનમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. આપણા શારીરિક,માનસિક અને સામાજીક સુખાકારીમાં લાભદાયી છે.આવશ્યક જીવન કૌશલ્યો વિકસાવવામાં રમતગમત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. રમતગમતમાં ભાગીદારી આપણને શિસ્ત, ટીમ વર્ક દ્રઢતા અને ધ્યેયના મૂલ્યો શીખવે છે. જે શૈક્ષણિક કારકિર્દી અને વ્યક્તિગત સંબંધોમાં આ કૌશલ્ય થકી જીવનના અન્ય ક્ષેત્રોમાં પણ સ્થળાંતરિત કરી શકાય છે.

રમતો જ્ઞાનાત્મક ક્ષમતાઓને વધારવા માટે ઉપયોગી છે.ખેલ મહાકુંભ એ સરકારશ્રીનો આવકાર દાયક પ્રયાસ છે.જેના થકી રમતવીરો વિવિધ રમતો થકી દેશને ગૌરવ અપાવી રહ્યા છે. હાલમાં સરકાર દ્વારા ખેલ મહાકુંભ-૩ નું રજીસ્ટ્રેશન આગામી ૨૫ ડિસેમ્બર સુધી થવાનું છે. જિલ્લામાં વધુમાં વધુ વિધ્યાર્થીઓ આ ખેલ મહાકુંભમાં ભાગ લઈ રજીસ્ટ્રેશન કરાવે અને રમત ગમત થકી પોતાના માતાપિતા સહિત દેશનું નામ રોશન કરે તેવી અપીલ કરી હતી.

---

### ગુજરાતમાં ૨૦૨૫ 'જનજાતિય ગૌરવ વર્ષ' તરીકે ઉજવાશે : વિવિધ મહોત્સવ

## રાજય સરકારની જાહેરાત : બંધારણના ૭૫ વર્ષ, કટોકટીના ૫૦ વર્ષ, સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી તથા વાજપેયીની ૧૦૦મી જયંતિ પણ નવા વર્ષે ઉજવાશે

(ગરવી તાકાત) ગાંધીનગર,તા.૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતા હેઠળ ગાંધીનગર ખાતે મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, આગામી વર્ષ ૨૦૨૫માં ભારતના બંધારણને ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ નિમિત્તે ગુજરાતભરમાં સંવિધાનનો અમૃત મહોત્સવની ઉજવણી કરાશે. સાથે જ, કટોકટીના ૫૦ વર્ષ પૂર્ણ થવા સંદર્ભે પણ ઉજવણી કરવામાં આવશે.

આ ઉપરાંત આવતા વર્ષે એક



ભારત, શ્રેષ્ઠ ભારતના વિઝન સાથે ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જયંતીની તેમજ ભારતના પૂર્વ પ્રધાનમંત્રી સ્વ. અટલ બિહારી વાજપેયીના ૧૦૦માં જયંતી વર્ષની પણ ભવ્ય ઉજવણી કરાશે.

સાથે જ, ભગવાન બિરસામુંડાની ૧૫૦મી જયંતી નિમિત્તે ગુજરાતમાં આગામી વર્ષ ૨૦૨૫ને જનજાતિય ગૌરવ વર્ષ તરીકે ઉજવવાનો નિર્ણય કરાયો હોવાનું પ્રવક્તા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મંત્રીએ વધુમાં જણાવ્યું કે, આગામી વર્ષે સંવિધાનના અમૃત મહોત્સવ, સરદાર વલ્લભ પટેલની ૧૫૦મી જન્મ જયંતી, અટલ બિહારી વાજપેયીની ૧૦૦મી જન્મ જયંતી તેમજ જનજાતિય ગૌરવ વર્ષની ભવ્યાતિભવ્ય ઉજવણી માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતા હેઠળની સંચાલન સમિતિ તેમજ મુખ્ય સચિવ શ્રીની અધ્યક્ષતા હેઠળ કારોબારી સમિતિની રચના કરાઈ છે.

---

### વૈશ્વિક અનિશ્ચિતતા, ભારતની ગ્રોથસ્ટોરી, ઉંચા વ્યાજ સહિતના કારણોથી બિનનિવાસી ભારતીયોએ છેલ્લા ચાર વર્ષનુ સૌથી વધુ નાણુ ઠાલવ્યુ

## ગુજરાતમાં NRI ડિપોઝીટ ૧ લાખ કરોડને પાર

અમદાવાદ તા.૧૯

વિશ્વના અનેક ભાગોમાં યુદ્ધ કે ભૌગોલિક ટેન્શનના માહોલ વચ્ચે પણ ભારતીય શેરબજારમાં છેલ્લા મહિનાઓમા રેકોર્ડબ્રેક તેજી છવાયેલી રહી હતી અને ભારતીયોએ જંગી રોકાણ ઠાલવ્યુ હતું. ભારતીયો જ નહીં, બિનનિવાસી ભારતીયો પણ ભારત પ્રત્યે આકર્ષિત હોય તેમ ગુજરાતમાં એનઆરઆઈ ડિપોઝીટને આંકડો એક લાખ કરોડને પાર થઈ ગયો છે.

સ્ટેટ લેવલ બેંકર્સ કમીટીના રિપોર્ટ પ્રમાણે ગુજરાતમાં બિનનિવાસી ભારતીયોની થાપણ સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં જ એક લાખ કરોડને પાર થઈ ગઈ હતી. જે ગત વર્ષની સરખામણીએ ૧૪ ટકાનો વધારો સૂચવે છે. ચાલુ વર્ષે



એનઆરઆઈ ડિપોઝીટનો આંકડો ૧.૦૧ લાખ કરોડ થયો છે તે ગત વર્ષે ૮૯૦૫૭ કરોડ હતો.

કમીટીના સીનીયર અધિકારીએ કહ્યું કે, ગત સાલની સરખામણીએ ચાલુ વર્ષે બીનહિસાબી ભારતીયોએ વધુ નાણા મોકલ્યા છે તે પાછળ અનેકવિધ કારણો જવાબદાર છે. વિશ્વસ્તરે અનિશ્ચિતતાનો માહોલ સર્જાયો હોવાને કારણે ભારતીયોએ સુરક્ષા માટે પણ ભારતમાં નાણાં રાખવાનો વ્યુહ અપનાવ્યો છે. આ સિવાય રિયલ એસ્ટેટ જેવા ક્ષેત્રોમાં પણ રોકાણ છે.

ભારતીય શેરબજાર સપ્ટેમ્બર સુધી જોરદાર તેજીમાં જ હતુ અને તેમાં પણ એનઆરઆઈનુ રોકાણ હતું. ભારતની વિકાસગાળામાં એનઆરઆઈને ભરોસો હોવાનું સ્પષ્ટ છે. સંપતિ વધારવા માટે તેઓ ભારતમાં રોકાણ વધી રહ્યા છે.

એસોસીએશન ઓફ નેશનલ એકસચેંજ મેમ્બર્સ ઓફ ઈન્ડિયાના ડાયરેકટર વૈભવ શાહે કહ્યું કે કોવિડકાળ બાદ ભારતીય શેરબજારે જોરદાર રિટર્ન આપ્યુ છે અને આવનારા વર્ષોમાં પણ ભારતીય અર્થતંત્રનો ડંકો વાગવાનો આશાવાદ છે.

વૈશ્વિક અર્થતંત્ર સંકટથી ઘેરાયેલુ છે. યુદ્ધ અને તનાવનો માહોલ છે ત્યારે ભારતમાં રોકાણ સુરક્ષિત હોવાનુ માનવા ઉપરાંત રીટર્ન પણ મળવાના આશાવાદથી બીનનિવાસી ભારતીયો રોકાણ વધારી રહ્યા છે. મુખ્યત્વે મ્યુચ્યુઅલ ફંડ મારફત ઈન્વેસ્ટમેન્ટ છે.

---

### અમદાવાદ ઇન્ટરનેશનલ એરપોર્ટ પરથી વધુ ૧૫ કરોડ રૂપિયાનું ડ્રગ્સ ઝડપાયું

## બે પેસેન્જરો પાસેથી રૂ. ૧૫ કરોડનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે

અમદાવાદ,તા.૧૯

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ ડ્રગ્સનું હબ બનતુ જાય છે તેવી ચર્ચા લોકોમાં શરૂ થઈ છે. જેમાં બે પેસેન્જરો પાસેથી રૂ.૧૫ કરોડનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. ડીઆરઆઈના અધિકારીઓએ બેંગકોકથી અમદાવાદ આવેલી ફ્લાઈટના બે પેસેન્જરો પાસેથી ૯.૫ કિલોગ્રામ અને ૬ કિલોગ્રામ હાઈબ્રીડ ગાંજો જપ્ત કર્યો છે.

૧૫.૫ કિલોગ્રામ હાઈબ્રિડ ગાંજાની ઈન્ટરનેશનલ માર્કેટ કિંમત ૧૫ કરોડ રૂપિયા ૧૫.૫ કિલોગ્રામ હાઈબ્રિડ ગાંજાની ઈન્ટરનેશનલ માર્કેટ કિંમત ૧૫ કરોડ રૂપિયા છે. ભારતીય નાગરિકે ગાંજો વેક્યુમ પેકિંગ કરીને છુપાવ્યો હતો પણ, વેક્યુમ પેકિંગ કરતાં પહેલા ખાસ




પ્રકારનું કેમિકલ નાખીને ગાંજો પ્રોસેસ કરાયો હતો જેથી કરીને ગાંજાની ગંધ આવે નહીં. સળંગ બે દિવસમાં અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી મોટા પ્રમાણમાં ગાંજો ઝડપાયો છે.

કસ્ટમ વિભાગે બેંગકોકથી આવેલા થાઈલોન્ડના નાગરિક પાસેથી ૬.૫ કિલો હાઈબ્રીડ ગાંજો જપ્ત કર્યો હતો તેની કિંમત પાંચ કરોડ થવા જાય છે. કસ્ટમની કાર્યવાહી બાદ ડી.આર.આઈને બાતમી મળી હતી કે આ જ ફ્લાઈટમાં અન્ય એક પેસેન્જર ઈન્ટરનેશનલ ડ્રગ માફિયાઓ માટે કામ કરી રહ્યો છે અને હાઈબ્રીડ ગાંજો બેગેજમાં લઈને આવી રહ્યો છે.વેક્યુમ પેકિંગ કરતાં પહેલા ખાસ પ્રકારનું કેમિકલ નાખીને ગાંજો પ્રોસેસ કરાયો

આ બાતમીના આધારે ડીઆરઆઈના અધિકારીઓએ આ ભારતીય નાગરિકના બેગેજની તપાસ કરતાં પ્લાસ્ટિકની કોથળીઓમાં કપડાંની વચ્ચે ગાંજો છુપાવેલો મળી આવ્યો હતો. આ ભારતીય નાગરિકે પણ ગાંજો વેક્યુમ પેકિંગ કરીને છુપાવ્યો હતો પણ તેણે ચાલાકીએ કરી હતી કે, વેક્યુમ પેકિંગ કરતાં પહેલા ખાસ પ્રકારનું કેમિકલ નાખીને ગાંજો પ્રોસેસ કરાયો હતો.

જેથી કરીને ગાંજાની ગંધ આવે નહીં. ડીઆરઆઈ પાસે ચોક્કસ માહિતી હતી અને જે પેસેન્જરની ધરપકડ કરવામાં આવી છે તે ઈન્ટરનેશનલ ડ્રગ માફિયા સિન્ડિકેટનો મેમ્બર છે. તે દેશના જુદા જુદા એરપોર્ટ ઉપર ડ્રગ્સની હેરાફેરી કરી રહ્યો છે. જેથી તેને ઝડપી આગળની કાર્યવાહી શરૂ કરાઈ છે.

---

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ,લ,ઇ) :** વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો,શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થશે.

**વૃષભ (બ,વ,ઉ) :** દામ્પત્ય જીવન સરસ રહેશે.આર્થિક સ્થિતિ સારી રહેવાનો યોગ છે તમારા કાર્યમાં સ્પષ્ટતાની કમીને કારણે તમે શંકાના વર્તુળમાં આવી શકો છો.

**મીથુન (ક,છ,ઘ) :** અહંકાર અને સ્વાભિમાનમાં તફાવત સમજો. વ્યવસાયમાં તનાવ સમાપ્ત થવાની શકયતા રહેશે.ખાનપાનની ગરબડીથી આરોગ્ય ખરાબ થઇ શકે છે.

**કર્ક (ડ,હ) :** વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો ,યાત્રા થઇ શકે છે.

**સિંહ (મ,ટ) :** પ્રયત્ન જરૂરી છે કાર્યની ગતિ ઉત્તમ રહેશે.ધન સંપત્તિના મામલા ઉકેલાશે.સંતો સાથે મુલાકાત થશે કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે.

**કન્યા (પ,ઠ,ણ) :** વાહન ધ્યાનથી ચલાવવું, માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ થાય. રોકાણ વગેરેથી બચવું.

**તુલા (ર,ત) :** સંતાનના આરોગ્યમાં કમીનો યોગ બનશે. ભાગ્યવાદી વૃત્તિને કારણે સફળતા મળવામાં મુશ્કેલી આવી શકશે.

**વૃશ્ચિક (ન,ય) :** જુના સંબંધોમાં યશની વૃધ્ધિ થશે, જીવન સાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :** વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો ,યાત્રા થઇ શકે છે.

**મકર (ખ,જ) :** આર્થિક સંતોષ રહેશે કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધોને મહત્ત્વ આપવું, સંતાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે.

**કુંભ (ગ,શ,સ) :** વ્યાપાર સારો ચાલશે.સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે.સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દુર થશે.

**મીન (દ,ચ,ઝ,થ) :** નવી યોજનાની શરૂઆત થશે. કુટુંબની સાથે મનોરંજનનો અવસર. સ્વયંના પ્રયાસોથી જ સામાજિક સન્માન મેળવી શકશો.

---

## ફિલ્મી ગપશપ

### પોતાની ફિલ્મોને ઓસ્કારમાં મોકલવા માટે અભિનેતાઓ દ્વારા લોબિંગનો આરોપ

## અમોલ પાલેકરે આમિરખાન પર નિશાન સાધ્યું! શું જ્યુરી પર 'પીકે'ને ઓસ્કારમાં મોકલવાનું દબાણ હતું?



મુંબઈ : મનોજ બાજપેયી પછી પ્રખ્યાત અભિનેતા અમોલ પાલેકરે પણ ફિલ્મ ઉદ્યોગ પર તેમની ફિલ્મો ઓસ્કારમાં મોકલવા માટે લોબિંગ કરવાનો આરોપ લગાવ્યો છે. અમોલ પાલેકરને ૨૦૧૫ માં ભારતના ઓસ્કાર જ્યુરીના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, જે એકેડેમી એવોર્ડ્સ માટે ભારતીય ફિલ્મોની પસંદગી માટે જવાબદાર છે.

તાજેતરના એક ઈન્ટરવ્યુમાં અમોલ પાલેકરને પૂછવામાં આવ્યું હતું કે શું તેમના પર ચૈતન્ય તમહાણેની 'કોર્ટ'ને બદલે તેમની ફિલ્મ પસંદ કરવા માટે કોઈ સુપરસ્ટાર દ્વારા દબાણ કરવામાં આવ્યું હતું, જે તે વર્ષે ઓસ્કર માટે ભારતની સત્તાવાર પસંદગી હતી. તેના પર અમોલ પાલેકરે મોટું નિવેદન આપીને બધાને ચોંકાવી દીધા હતા.

અમોલ પાલેકરે ખુલાસો કર્યો હતો કે જ્યારે તેઓ જ્યુરીના સભ્ય હતા ત્યારે તેમને કોઈ મોટા સ્ટારની ફિલ્મ ઓસ્કારમાં મોકલવા માટે બોલિવૂડ લોબીના દબાણનો સામનો કરવો પડ્યો હતો.

જ્યુરી પાસે ચૈતન્ય તમહાણેની 'કોર્ટ' તેમની ફેવરિટ હતી, પરંતુ એક સુપરસ્ટારે તેમની ફિલ્મ પર વિચાર કરવા દબાણ કર્યું હતું. જો કે પાલેકર કે ઈન્ટરવ્યુ લેનારાએ કોઈ ફિલ્મ કે કોઈ સ્ટારનું નામ નથી લીધું, પરંતુ લોકોનું માનવું છે કે તે આમિર ખાન અને તેની ફિલ્મ 'પીકે' વિશે વાત કરી રહ્યા હતા.

લોકો વિચારી રહ્યા છે કે, આ વખતે પણ ' લાપતા લેડીઝ'ની પસંદગી જ્યુરી મેમ્બર્સ પર દબાણ કરીને કરવામાં આવી છે કારણ કે સામાન્ય લાગણી હતી કે ફિલ્મ ઓસ્કારના ધોરણો પર નથી. નેટીઝન્સ કહી રહ્યા છે કે આમિરની ફિલ્મ 'લગાન' માત્ર એક જ વાર ઓસ્કાર માટે પસંદ કરવામાં આવી હતી.

ત્યારથી તે ભારતમાંથી એકમાત્ર એવા વ્યક્તિની જેમ વર્તે છે જે ભારત માટે ઓસ્કાર લાવી શકે છે. અને આ ખુશામતમાં, ભારતે 'ઓલ વી ઈમેજિન એઝ લાઈટ' માટે યોગ્ય પુરસ્કાર મેળવવાની તક ગુમાવી દીધી.

### લગ્ન બાદ ૧૦ વર્ષથી પતિ આણંદમાં, પત્ની ઓસ્ટ્રેલીયામાં... સાથે રહ્યા નથી

# પતિ - પત્નિ લાંબો સમય સાથે ન રહે તો ક્રુરતા...છુટાછેડા મંજુર

## ગુજરાત હાઈકોર્ટે છુટાછેડા મંજુર કર્યા : પતિને ઓસ્ટ્રેલિયાના વિઝા આપી શકતા ન હતા અને પત્ની ભારતમાં રહેવા તૈયાર ન હતી




અમદાવાદ, તા.૧૯

હનીમૂન બાદ છેલ્લા ૧૦ વર્ષથી પતિ આણંદમાં અને પત્ની ઓસ્ટ્રેલિયામાં રહેતી હતી. પતિને વિઝા મળી શક્તા ન હોવાથી તેણે કંટાળી વર્ષ ૨૦૧૫માં સૌપ્રથમ આણંદની ફેમિલી કોર્ટમાં છૂટાછેડાની અરજી દાખલ કરી હતી. જેને વર્ષ ૨૦૧૭માં નકારી દેવાઈ હતી. જેને પતિએ ગુજરાત હાઈકોર્ટમાં પડકારી હતી.જેમાં હાઈકોર્ટે નોંધ્યું હતું કે, ૧૦ વર્ષથી પત્ની ઓસ્ટ્રેલિયા રહે છે. કાયદા અને સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ લગ્ન બાદ લાંબો સમય દૂર રહેવું તે ક્રૂરતા છે. જેથી પતિની અરજી ગ્રાહ્ય રાખીને હાઈકોર્ટે આણંદની ફેમિલી કોર્ટનો ચુકાદો રદ ઠેરવ્યો હતો. તેમજ પતિની છૂટાછેડાની અરજી ગ્રાહ્ય રાખી હતી.

આણંદમાં રહેતા એક યુવકના લગ્ન ઓસ્ટ્રેલિયામાં રહેતી યુવતી સાથે ફેબ્રુઆરી, ૨૦૧૩માં થયા હતા. તેમના હનીમૂન બાદ પત્ની માર્ચ, ૨૦૧૩માં પરત ઓસ્ટ્રેલિયા જતી રહી હતી. તેઓ ફોન અને ઈન્ટરનેટથી એક બીજાના સંપર્કમાં રહેતા હતા.બીજી તરફ પતિએ પણ ઓસ્ટ્રેલિયાના કાયમી વિઝા મેળવવા માટેં ઈન્જીની તૈયારીઓ શરૂ કરી દીધી હતી. આ દરમિયાન ઓગસ્ટ, ૨૦૧૩માં પત્ની પરત ભારત આવી હતી. જ્યાં બંને વચ્ચે વિવાદો શરૂ થયા હતા. સપ્ટેમ્બર ૨૦૧૩માં પત્ની પરત ઓસ્ટ્રેલિયા ગઈ હતી. તે ફેબ્રુઆરી, ૨૦૧૪માં પતિને જણાવ્યા વગર જ ઓસ્ટ્રેલિયાથી લંડન ગઈ હતી. તે વચ્ચે જ્યારે લંડનથી ભારત આવી ત્યારે પણ પતિને જાણ કરી નહોતી.

પત્નીએ પતિને જણાવ્યું હતું કે, તે ગમે તેમ કરીને ઓસ્ટ્રેલિયાના કાયમી વિઝા મેળવે નહીં તો તેઓ સાથે રહી શકશે નહીં. બંને પતિ પત્ની જૂન ૨૦૧૪થી એક છત નીચે રહ્યા નથી. પતિના કહ્યાં મુજબ પત્નીએ તેને માનસિક ત્રાસ આપી તેની સાથે બોલવાનું પણ બંધ કરી દીધું હતું.

પતિએ આણંદની ફેમિલી કોર્ટમાં છૂટાછેડાની અરજી દાખલ કરતા પત્નીએ પોતાના પિતાને પોતાના વતી કેસ રજૂ કરવા પાવર ઓફ એટર્ની કરી આપી હતી. જેમાં એવો કેસ ઊભો કરાયો હતો કે પતિએ ઓસ્ટ્રેલિયામાં સેટલ થવું હોવાથી તેની સાથે લગ્ન કર્યા હતા. જો કે, આણંદ ફેમિલી કોર્ટે તે અરજી વર્ષ ૨૦૧૭માં નકારી કાઢી હતી.

જેની સામે પતિએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેમાં પતિના વકીલ તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે, પત્નીએ પતિ સાથે માનસિક ક્રૂરતા આચરી છે. જૂન ૨૦૧૪થી તેઓ એક સાથે રહેતા નથી. પત્નીને પતિ સાથે આણંદમાં રહેવું નથી, તેને લગ્નની કોઈ જવાબદારી નિભાવી નથી.જ્યારે પત્નીના વકીલે દલીલ કરી હતી કે, પતિ જ ચીટર છે, તેને ઓસ્ટ્રેલિયામાં સ્થાયી થવા માટે આ લગ્ન કર્યા હતા. જો પતિ ઓસ્ટ્રેલિયાના કાયમી વિઝા ન મેળવી શકે, તો તેમાં પત્ની શું વાંક?

હાઈકોર્ટે છૂટાછેડા મંજૂર કરતા નોધ્યું હતું કે, પતિ-પત્ની બંને વર્ષ ૨૦૧૪થી અલગ રહે છે. પત્ની લગ્ન પહેલા અને લગ્ન પછી પણ ભારતમાં રહી નથી અને ઓસ્ટ્રેલિયામાં રહે છે. બંને વચ્ચે પતિના વિઝાને લઈને વિખવાદ શરૂ થયો હતો. પત્ની હવે ભારત આવવા તૈયાર નથી. ફેમિલી કોર્ટની ટ્રાયલમાં પણ પત્ની હાજર રહી નહોતી કે તેનું કોઈ નિવેદન લેવાયું નથી.

સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ લાંબા સમયથી પતિ-પત્ની એક સાથે ન રહે તો તેને ક્રૂરતા કહેવામાં આવે છે. ફેમિલી કોર્ટે પોતાના ચુકાદામાં ભૂલ કરી છે, પતિ-પત્ની ફરીથી ભેગા થઈ શકે તેવી શક્યતા નથી.પત્નીએ પોતાના લગ્નની કોઈ જવાબદારી નિભાવી નથી. વળી પત્નીએ ભરણપોષણનો પણ કોઈ દાવો કર્યો નથી અને પતિ માનસિક ક્રૂરતા સાબિત કરવામાં સફળ રહ્યો છે ત્યારે આ છૂટાછેડાને મંજૂર કરવામાં આવે છે.

### બિલ્ડરે વધારાના બે માળ ચણવા બોગસ NOC રજુ કર્યુ : ડીમોલીશન માટે માર્ગ મોકળો

# અમદાવાદનો કિસ્સો : સલમાન એવેન્યુના ગેરકાયદે બે માળ તોડવા સામે ગુજરાત હાઈકોર્ટનો ઈન્કાર




અમદાવાદ,તા.૧૯

શહેરના એસ્ટોડિયા વિસ્તારમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સામે પુરાતત્વ ખાતાના બોગસ ર્દ્રઝના આધારે બાંધવામાં આવેલા સલમાન એવેન્યુના ગેરકાયદેસર બે માળ તોડી પાડવા માટે કોર્પોરેશન દ્વારા વર્ષ ૨૦૧૮ માં આપવામાં આવેલી નોટિસ રદ કરવા અથવા મનાઈ હુકમ આપવાનો ગુજરાત હાઈકોર્ટ આજરોજ ઈનકાર કરી દીધો હતો.

ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ મૌના ભટ્ટે નેશનલ મોન્યુમેન્ટ ઓથોરિટીના બનાવટી નો-ઓબ્જેકશન સર્ટિફિકેટના આધારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસેથી વધુ બે માળ માટે બાંધકામની પરવાનગી મેળવીને સલમાન એવન્યુ ખાતે બાંધવામાં આવેલા વધારાના બે માળ તોડી પાડવાનો માર્ગ મોકળો કર્યો હતો અને અરજદારો ની અરજી ફગાવી દીધી હતી.

આ મિલકત દસ્તૂર ખાન મસ્જિદના લગભગ ૧૮૦ મીટરના અંતરે વિસ્તારમાં આવેલી છે. પ્રાચીન સ્મારકો અને પુરાતત્વીય સ્થળો અને અવશેષો (સુધારો અને માન્યતા) અધિનિયમ, ૧૯૫૮ની જોગવાઈઓ હેઠળ મસ્જિદ એક સંરક્ષિત સ્મારક છે.

આથી તેની નજીક બાંધવામાં આવતી મિલકત માટે પુરાતત્વ વિભાગની મંજૂરી જરૂરી છે.

સેલર ગ્રાઉન્ડ ૪ માળ માટે બિલ્ડિંગના બાંધકામ માટેની પ્રથમ પરવાનગી એએમસી દ્વારા વર્ષ ૨૦૧૨માં એનએમએ દ્વારા આપવામાં આવેલી એનઓસીના આધારે વર્ષ ૨૦૧૬માં મંજૂર કરવામાં આવી હતી. ત્યારબાદ ડેવલપર મોઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર એલએલપીએ વધારાના બાંધકામ માટે બીજી અરજી કરી હતી.

કોર્પોરેશન દ્વારા વધારાના બે માળ તે એનએમએ પાસેથી ડેવલપર દ્વારા મેળવેલા એનઓસીના આધારે મંજૂર કરાયા હતા. બાદમાં, દ્રસ્છ દ્વારા છસ્ઝને પત્ર લખ્યા બાદ બનાવટી ર્દ્રઝ સબમિટ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. તેથી વર્ષ ૨૦૧૮માં ડેવલપરને ડિમોલિશન નોટિસ આપવામાં આવી હતી.

### પરપ્રાંતીય આરોપીને દબોચી લેવાયો : બાળકીને હોસ્પિટલે ખસેડાઈ

# 'નિર્ભયા' કાંડનું પુનરાવર્તન : બાળકી સાથે દુષ્કર્મ આચરી પ્રાઈવેટ પાર્ટમાં સળિયો નાખ્યો

ભરૂચ તા.૧૯

અહીં એક ૩૬ વર્ષીય પરપ્રાંતીય યુવકે ૧૦ વર્ષની કિશોરીનું અપહરણ કરીને તેની સાથે દુષ્કર્મ આચર્યુ હતું. આટલું જ નહીં દિલ્હીના નિર્ભયા કેસની જેમ બાળકીના પ્રાઈવેટ પાર્ટમાં સળીયો નાખી ઈજા પહોંચાડયાની પણ ચોંકાવનારી વિગતો બહાર આવી છે. આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે.

પોલીસે જણાવ્યું છે કે ઝારખંડનો મુળ નિવાસી આરોપી વિજય પાસવાન પીડિતા બાળકીની ઝુપડીની બાજુમાં રહે છે અને બાળકીના પિતા સાથે કારખાનામાં કામ કરે છે. બાળકીના પ્રાઈવેટ પાર્ટમાં ઈજા થઈ છે. તેને ભરૂચની હોસ્પિટલમાં દાખલ કરાઈ છે. કમરમાં ઈજા થવાની ઓપરેશન કરવું પડયું છે. પોલીસે વધુમાં જણાવ્યું હતું કે આરોપી પરીણિત છે અને બે બાળકોનો પિતા છે. આરોપીએ ગત મહિને પણ બાળકી સાથે દુષ્કર્મ કર્યુ હતું.પોલીસે અધિનિયમ અંતર્ગત આરોપો લગાડયા છે. પોલીસે વધુમાં જણાવ્યું હતું કે આરોપીએ બાળકીનું અપહરણ ત્યારે કર્યું હતું. જયારે બાળકી પોતાની ઝુંપડીની બહાર રમી રહી હતી, દરમિયાન આરોપી બાળકીને ઝાડી ઝાંખરામાં લઈ ગયો હતો અને તેની સાથે દુષ્કર્મ આચર્યુ હતું.



**આરોપી પરીણિત છે અને બે બાળકોનો પિતા છે. આરોપીએ ગત મહિને પણ બાળકી સાથે દુષ્કર્મ કર્યુ હતું.પોલીસે અધિનિયમ અંતર્ગત આરોપો લગાડયા છે.**

તેના પ્રાઈવેટ પાર્ટમાં સળીયો ખોસીને તેને ઘાયલ કરી હતી. બાળકીને લોહીથી લથપથ છોડીને ઘટના સ્થળેથી ભાગી ગયો હતો. બાળકીની માએ બાળકીના રડવાનો અવાજ સાંભળીને તેની પાસે દોડીને મદદ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, રાજયમાં છેલ્લા કેટલાય દિવસથી દુષ્કર્મના બનાવો બની રહ્યા છે. કાયદો વ્યવસ્થાની સ્થિતિના રાજયમાં લીરે લીરા ઉડી રહ્યા છે, જેનો ભોગ હવે માસૂમો પણ બનવા લાગ્યા છે.

# પરમાત્મા દયાળુ છે. આપણા પાપના પ્રમાણમાં ભગવાન આપણને બહુ ઓછી સજા કરે છે



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા



જીવને પરમાત્મા પર પ્રેમ નથી, પણ પરમાત્મા તો જીવ ઉપર પ્રેમનો વરસાદ વરસાવે છે. આ જીવ લાયક નથી હોતો, છતાં પરમાત્મા તેને પૈસો અને પ્રતિષ્ઠા આપે છે. જીવ દુષ્ટ છે, છતાં પરમાત્મા દયાળુ છે. આપણા પાપના પ્રમાણમાં ભગવાન આપણને બહુ ઓછી સજા કરે છે.મનુષ્ય આંખ અને મનથી વારંવાર પાપ કરે છે.તે બધાં પાપ ની એ ભગવાન સજા કરે તો મનુષ્યને પીવા માટે પાણી પણ ન મળે,છતાં દુઃખની વાત એ છે કે, એવા પરમાત્મા ઉપર જીવ પ્રેમ કરતા નથી.હું ઈશ્વરને માનતો નથી.

શ્રીકૃષ્ણ ઉદ્ધવને કહે છે,ઉદ્ધવ, યશોદાનો પ્રેમ મને મથુરામાં મળતો નથી.હું ન ખાઉં ત્યાં સુધી મારી મા ખાતી ન હતી. અહીં તો મારા માટે છપ્પન ભોગ બનાવે છે, પરંતુ દરવાજો બંધ કરીને કહે છે કે, એકલા એકલા આરોગજો.હું તેમ આરોગતો નથી.મને એવી ટેવ નથી ઉદ્ધવ, ગોકુળ છોડીને મથુરામાં આવ્યા પછી મારા ભોગ સરી ગયા છે. મને કોઈ પ્રેમથી ન મનાવે ત્યાં સુધી હું ખાતો નથી. હજાર વખત મને મનાવે ત્યારે એક કોળિયો હું ખાઉં છું. એટલે જ્યારે હું અહીં ભોજન કરવા બેસું છું ત્યારે મારી મા મને યાદ આવે છે.ઉદ્ધવ,હું છપ્પન ભોગનો ભૂખ્યો નથી, પ્રેમનો ભૂખ્યો છું. ગોકુળમાં જે આનંદ હતો તે મથુરામાં નથી.ઉદ્ધવ,મને વ્રજ વાસીઓ યાદ આવે છે.હું વ્રજને ભૂલી શકતો નથી.મારી મા,મારી ગોપીઓ,મારી ગાયો સર્વને છોડીને હું આવ્યો છું. મારી એ ગોપીઓ મને યાદ કરતી હશે. મારી ગાયો દુઃખી હશે. ઉદ્ધવ મને વ્રજ વારંવાર યાદ આવે છે.

ઉદ્ધવ જ્ઞાની છે પણ પ્રેમલક્ષણા ભક્તિનો મહિમા કેવો છે તે જાણતા નથી.જે જ્ઞાન ગુરુકૃપાથી મળેલું હોતું નથી તે જ્ઞાનમાં વિવેક આવતો નથી,ઊલટું તેમાં અભિમાન આવે છે. ઉદ્ધવનું જ્ઞાન આ પ્રકારનું હતું તેથી ઉદ્ધવ ભગવાનને ઉપદેશ આપવા બેસી જાય છે. ભણેલો ખરોને!

ઉદ્ધવ કહે છે, આપ નાના હતા ત્યારે વ્રજબાળકો સાથે રમ્યાં તે શોભ્યું,પરંતુ હવે તો તમે મથુરાના રાજા થયા છો.હવે ગામડાના ગોવાળો સાથે રમવાનો વિચાર કરો તે તમને શોભે નહીં. વ્રજવાસીઓને અને એ ગોકુળને ભૂલી જશો તો જ મથુરાની રાજ સંપત્તિમાં આપને આનંદ મળશે, તો જ મથુરાના ઐશ્વર્યમાં તમને સુખ મળશે.જ્ઞાનાભિમાનને કારણે ઉદ્ધવને ભાન નથી કે તે કોને ઉપદેશ આપે છે.

પ્રભુએ કહ્યું, ઉદ્ધવ, તું મને વ્રજને ભૂલવાનો ઉપદેશ કરે છે, પણ તું જાણતો નથી કે હું સર્વને ભૂલી શકું પણ વ્રજને,વ્રજવાસીઓને ભૂલી શકતો નથી.એમને ભૂલવાનો પ્રયત્ન કરું તો પણ તેમાં મને સફળતા મળતી નથી. વ્રજવાસીઓ મને બહુ યાદ કરે છે એટલે હું તેમને યાદ કરું છું. એક ઉપાય છે. વ્રજવાસીઓ મને ભૂલે એવો ઉપદેશ તું એમને કરે તો તેઓ મને ભૂલે ને હું તેમને ભૂલું.

આ કામ એક તારાથી જ બને એવું છે ઉદ્ધવ!તું સમજુ છે,જ્ઞાની બુદ્ધિમાન છે. તું વ્રજમાં જા અને વ્રજવાસીઓને સમજાવ કે એ લોકો મને ભૂલી જાય! વ્રજવાસીઓ મને ભૂલી જાય તો તેમને ભૂલી શકું એ નક્કી છે. તેઓ મને ભૂલે નહીં, ત્યાં સુધી હું તેમને ભૂલી શકતો નથી. તેમણે મારા માટે સંસારનાં સર્વ સુખોનો ત્યાગ કર્યો છે. તેઓ મારા માટે જીવે છે. મેં તેઓને કહેલું કે, હું આવીશ, એટલે મારી પ્રતીક્ષામાં તેઓએ પ્રાણ ટકાવી રાખ્યા છે. તું તેમને એવો ઉપદેશ કર કે તેઓ મને ભૂલી જાય અને હું તેમને ભૂલી શકું. મોહ એકદેશીય છે પણ પ્રેમ અન્યોન્ય છે, તેથી હું આટલું કામ સોંપું છું. તું જઈને તેઓને ઉપદેશ કર!ભક્તિ વિનાનું જ્ઞાન જયાં હોય છે, ત્યાં વધારે બોલવાની કુટેવ પડે છે.તેવા જ્ઞાની માં વાચાળતા આવે છે.જ્ઞાન ભક્તિ સાથે આવે છે તો તેમાં મૌન રહી અધ્યયન કરવાની ઈચ્છા થાય છે.ઉદ્ધવનું જ્ઞાન ભક્તિ વગરનું હતું. તેથી ઉદ્ધવને કહ્યું,મને વ્રજ માં મોકલો છો તેના કરતાં તમે એમને પત્ર લખતા હો તો તમે લખો. એટલે એ લોકો પણ લખશે. પત્રથી બેઉને મિલન જેવો આનંદ પ્રાપ્ત થશે.પ્રેમ તત્ત્વનું રહસ્ય ઉદ્ધવ હજુ જાણતા નથી,એટલે પત્ર લખવાનું કહે છે.પ્રેમનો સંદેશોપત્રથી મોકલી શકાતો નથી.તે તો હૃદયથી પહોંચાડવામાં આવે છે. ઉદ્ધવ હજી નથી જાણતા કે અહીં તો ગોપી શ્રીકૃષ્ણ છે અને શ્રીકૃષ્ણ ગોપી છે ગોપી-શ્રીકૃષ્ણ એક જ છે. ઉદ્ધવ આ જાણતા નથી. જ્ઞાનીને ભક્તહૃદયની શું ખબર પડે?

પ્રભુએ કહ્યું, ઉદ્ધવ,પત્ર લખવાનો મેં અનેક વખત પ્રયત્ન કર્યો પરંતુ પત્રમાં કેમ લખવું તે જ મને સૂઝતું નથી.મારી માને પત્રથી હું કેવીરીતે સમજાવું?મારું મોં નિહાળે તો જ તેને શાંતિ મળે.હું તેની ગોદમાં બેસું તો જ તે રાજી થાય. મને તે આરોગાવે તો જ તેને કરાર વળે આમાંનું પત્રથી શું બને?

શ્રીકૃષ્ણ કહે છે, ઉદ્ધવ, કેટલીય વખત યશોદામાને પત્ર લખવા વિચાર કરું છું. લખવા યે બેસું છું. પણ કાગળમાં યશોદામાનું નામ લખું ત્યાં હૃદય ભરાઈ આવે છે અને થાય છે કે, કાગળ લખું તો માને વધારે દુઃખ થશે. કહશે કે કનૈયા આવતો નથી અને પત્રથી સમજાવે છે.આ વિચારમાં ને વિચારમાં કાગળમાં યશોદા યશોદા લખ્યા કરું છું.આગળ કાંઈ લખાતું નથી.

ઉદ્ધવ,આ પ્રમાણે મેં અનેક વખત પ્રયત્ન કર્યો, પણ પત્રમાં શું લખવું તે સમજ પડતી નથી.મને એવું લાગે છે કે, સાચા પ્રેમનો સંદેશો પત્રમાં લખી શકાય જ નહીં.તે તો મનથી જ પહોંચાડવામાં આવે છે. તમે વૃંદાવનમાં જાઓ! તમે જ્ઞાની છો,બુદ્ધિશાળી છો.તમારા જ્ઞાનનો ઉપદેશ ગોપીઓને આપજો કે જેથી તેઓ મને ભૂલે અને ડાહી બને.ઉદ્ધવ, તમે ત્યાં જશો એટલે મારાં માતાપિતાને પણ શાંતિ મળશે. ઉદ્ધવ, વ્રજમાં જઈને કહેજો, અહીં મથુરામાં અમને કોઈ વાતે ખોટ નથી. સંસારના બધા વૈષ્ણવો હાજર છે, તો યે મને ગોઠતું નથી.અહીં વ્રજ વાસીઓ જોવા નથી મળતા એટલે હૈયું હરખાતું નથી.

ઉદ્ધવને લાગ્યું કે, હું જ્ઞાની છું એટલે મને વ્રજમાં મોકલે છે. ઉદ્ધવને જ્ઞાન હતું પણ જ્ઞાન સાથે અભિમાન હતું. તેથી ઉદ્ધવ કહે છે, મહારાજ,હું ત્યાં જવા તૈયાર છું,પણ ગામડાંમાં રહેનારા એ અભણ લોકો,ગામડાંની એ અભણ ગોપીઓ મારું વેદાંતનું તત્ત્વજ્ઞાન કેવી રીતે સમજી શકશે? મારો તત્ત્વજ્ઞાન ઉપદેશ સમજવો ઘણો કઠણ છે,એટલે હું ત્યાં જાઉં તેનો કશો અર્થ નથી.

આ ઉદ્ધવ બોલ્યા નથી.ઉદ્ધવનું અભિમાન બોલે છે.ઉદ્ધવને અભિમાન હતું કે, હું બૃહસ્પતિનો શિષ્ય છું. વેદાંતનો આચાર્ય છું.

શ્રીકૃષ્ણથી ઉદ્ધવનાં આ વચનો સહન ન થયાં.તેઓ ઉદ્ધવને કહેવા લાગ્યા, ઉદ્ધવ! મારી ગોપીઓને તું અભણ ન કહે! ગોપીઓ જ્ઞાનથી પર છે. વધારે ભણેલી નથી,પણ શુદ્ધ પ્રેમ કેવી રીતે કરવો તે ગોપી ઓ જ જાણે છે. એટલે તો તેઓ મને પ્રાપ્ત કરી શકી છે. ઉદ્ધવ, તને વધુ શું કહું? તેઓ તો મારામય બની ગયેલી છે.તેમનું મન મારામાં છે,તે મારામાં છે અને મારી ખાતર તેમણે સગાંસંબંધી સર્વનો ત્યાગ કરેલો છે.તેઓ મદર્થે ત્યક્ત દૈહિકા છે.હું જ એમનું સર્વસ્વ છું. ઉદ્ધવ,તું ગોપીઓ મળે ત્યારે એમને વંદન કરજે.

હે ઉદ્ધવ,ગોપીઓને જ્ઞાનની જરૂર છે માટે તારે ગોકુળ જવું પડશે. તારા વિના આ કાર્ય કોઈ કરી શકશે નહીં. શબ્દજ્ઞાની જલ્દી નમતો નથી.તેના હૈયામાં ઠસક હોય છે કે હું જ્ઞાની છું. અભિમાની કોઈને નમવા દેતં નથી.વિનય હોય ત્યાં બધા સદગુણો આવે છે અને અભિમાન હોય ત્યાં બધા દુર્ગુણો આવે છે ભગવાન કહે છેકે ઉદ્ધવ, અભણ ગોપીઓને મળે ત્યારે તેમને વંદન કરજે!મારા ગોવાળ મિત્રોનેકહેજે કે,શ્રીકૃષ્ણ તમને યાદ વિરહમાં રડે નહીં.કરે છે અને મારી માને સમજાવજે કે , મારા ભગવાન જાણતા હતા કે, ઉદ્ધવ ત્યાં ગોપી ઓને નહીં કહે તો તેનું કલ્યાણ નહીં થાય. નમે નહીં તે ભગવાનને ગમે નહીં.ઉદધવને જવાની ઈચ્છા ન હતી. છતાં પ્રભુએ આગ્રહ કર્યો એટલે ઉદ્ધવ જવા તૈયાર થયા. કહે,ભલે,તો હું ત્યાં જઈશ. એને યશોદાને,નંદ બાબાને અને ગોપી ઓને બોધ કરીશ.

શ્રીકૃષ્ણ ઉદ્ધવને આખી રાત આ પ્રમાણે બોધ આપ્યો છે. પ્રાતઃકાળમાં ઉદ્ધવ તૈયાર થઈને આવ્યા. શ્રીકૃષ્ણે પોતાનું પિતાંબર તથા વૈજયંતીમાળા ઉદ્ધવને આપી કહ્યું, તું જ્યારે સખીઓને મળવા જાય છે ત્યારે આ પ્રસાદી પિતાંબર પહેરીને જજે.મારીગોપી ઓ પરપુરુષને નિહાળતી નથી. કોઈ પુરુષ સાથે બોલતી નથી. તેઓ આ પિતાંબર જોશે એટલે તેમને ખાતરી થશે કે, તું મારો છે. તેઓ માનશે આ મારા શ્યામ સુંદરનો લાડીલો સેવક છે. અંતરંગનો સખો છે. તેવી ખાતરી થશે ત્યારે જ ગોપીઓ તારી સાથે બોલશે. માટે ઉદ્ધવ, આ પ્રસાદી પિતાંબર પહેરીને સખીઓને મળવા જજે,વૈજયંતી માળા પહેરી ને ત્યાં જજે! રથ ચાલવા માંડયો ત્યારે ફરી પ્રભુએ ઉદ્ધવને કહ્યું,ઉદ્ધવ,નંદબાબાનેઆશ્વાસન આપજે. ઉદ્ધવ,મારી માને કહેજે તમારો કનૈયો આવશે. આટલું બોલતાં એમની આંખોમાં થી આંસુ વહી ચાલ્યાં.

ઉદ્ધવજીને આશ્ચર્ય થાય છે કે, વ્રજમાં એવું શું છે કે જેનું વારંવાર સ્મરણ કરી શ્રીકૃષ્ણ રડે છે. જીવ જ્યારે જીવપણું છોડી ઈશ્વર સાથે પ્રેમ કરી તન્મય બને છે, ત્યારે ઈશ્વર પણ ઈશ્વરપણું ભૂલી જાય છે. શ્રીકૃષ્ણ મથુરાના રાજા હતા તે વાત આજે ભૂલી ગયા છે અને રથ ચાલવા માંડ્યો.

## ખાનગી કંપનીના સિઝર તરીકેની ઓળખાણ આપી એજન્ટનું કામ કરતા ઈસમો બેફામ

# સાબરકાંઠાના ઈડરના મુખ્ય સહિત જાહેર માર્ગો પર ગેરકાયદે ગાડીઓને રોકી ચાલકોને ધમકાવી રહ્યાં હોવાની ફરિયાદ

(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના ઈડર શહેર વચ્ચેથી પસાર થતા સ્ટેટ હાઈવે રોડ સહિત ઈડર પોલીસ મથક વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ખાનગી કંપનીના સીઝર તરીકેની ઓળખાણ આપી કામ કરનાર ઈસમો બેફામ બન્યા છે. ખાસ કરીને ખાનગી તેમજ બેંકની લોનોમાં ગાડીઓના હપ્તા બાકી હોવાની વાતો કહી બાકીના નાણાં વસૂલવા માટે સિઝર એજન્ટો દ્વારા ખુલ્લેઆમ વાહન ચાલકો સહિત પરિવારોને હેરાન પરેશાન કરવામાં આવી રહ્યા છે. સ્ટેટ હાઈવે રોડ પર મહારાણા પ્રતાપ સર્કલ તિરંગા સર્કલ બસ સ્ટેન્ડ સત્યમ ચોકડી સહિતના વિસ્તારોમાં પોતાની આઈડેન્ટીફાય સહિત કોઈ પણ પ્રકારની મંજૂરી વિના સીઝર એજન્ટ તરીકેનું કામ કરનાર ઈસમોનો રાફડો ફાટ્યો છે. મહત્વની બાબતે કહી શકાય કે ખાલી પોલીસ તંત્ર સહી જિલ્લા પોલીસ તંત્રને ખુલ્લો પડકાર આપી ગેરકાયદેસર રીતે હાઈવે રોડ પરથી પસાર થતાં વાહન ચાલકો સહિત પરિવારોને પણ સીઝર એજન્ટની ઓળખાણ આપી લોકોને ડરાવી ધમકાવી રહ્યા છે. ખાસ કરીને કોઈપણ ગાડીના હપ્તા બાકી હોય તો પહેલા જે તે બેંક તેમજ ખાનગી પેઢી દ્વારા તેને નોટિસ આપવામાં આવે છે અને બાદમાં તેના કર્મચારી દ્વારા પોલીસ મથકેથી પોલીસ વેરિફિકેશન કરાવ્યા બાદ પોલીસને સાથે રાખી તે ગાડીને જે તે માલિકના ઘરે જઈને સીઝીંગ કરવાની થતી હોય છે. ઉલ્ટામાં સ્થાનિક પોલીસમાં જિલ્લા પોલીસને ખુલ્લો પડકાર આપી મન ફાવે તેમ જાહેર રોડ પર વાહનચાલકો તેમજ ગાડીમાં લઈને નીકળેલા પરિવારોને અર્ધ વચ્ચે ઉતારી પાડી તેમની ગાડીને સીઝીંગ કરવામાં આવી રહી હોવાની રાવ ઉઠવા પામી છે. ત્યારે કાયદા ને નેવી મૂકી તંત્રને ખુલ્લો પડકાર આપનાર ખાનગી સીઝર એજન્ટો સામે તંત્ર દ્વારા આગામી સમયમાં કેવા અને કયા પ્રકારના પગલા ભરવામાં આવે છે તે ખૂબ મહત્વનું બની રહે છે....



(તસ્વીર-અહેવાલ : ચિરાગ મેઘા સાબરકાંઠા)

**ઈડર તિરંગા સર્કલ તેમજ બસ સ્ટેન્ડ વચ્ચે ના જાહેર માર્ગ પર ખાનગી સીઝર એજન્ટની ઓળખાણ આપી એક પરિવારને રોડ વચ્ચે ઉભો રાખીને તેની સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન સહિત હાથાપાઈ કરવામાં આવી હતી. વચ્ચેથી પસાર થતા સ્ટેટ હાઈવે રોડ પર ખુલ્લેઆમ લુખ્ખાગીરી કરતા સીજર ઇસમો સામે સ્થાનિકો સહિત વાહન ચાલકોમાં ભારે રોષ વ્યાપ્યો છે. જોકે એક તરફ સુરક્ષા સલામતી ની વાતો કરતું સફાળુ તંત્ર હજૂપણ ગૌર નિદ્રામાં હોય તો તે પ્રમાણે જાહેર માર્ગ પર હેરાન કરવામાં આવેલ પરિવાર તંત્ર પાસે યોગ્ય ન્યાયની આશા રાખી રહ્યા છે ત્યારે આગામી સમયમાં રોફ જમાવનાર સીઝર ઇસમો વિરુદ્ધ કયા અને કેવા પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે તે મહત્વનું બની રહે છે....**

## ૧૦ હજારની લાંચ લેતો તલાટી એસીબીના સંકજામાં

# હિંમતનગરના બોરિયા ગૃપ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતો તલાટી કમ મંત્રી ઝડપાયો

(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૧૯

સાબરકાંઠામાં એસીબી ની વધુ એક સફળ ટ્રેપમાં તલાટી કમ મંત્રી એસીબીના સકંજામાં આવ્યો છે. હિંમતનગર ની બોરિયા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતો દિનેશ રમેશભાઈ પટેલ નામનો તલાટી કમ મંત્રી એ ફરિયાદી ના રહેણાક મકાનનો નમુના નંબર બે કાઢવા માટે રુપિયા ૧૦ હજારની લાંચની માંગણી કરી હતી. જ્યારે જાગૃત નાગરિકે



એસીબીનો સંપર્ક કરી રૂપિયા દસ હજારની લાચ લેતા તલાટી કમ મંત્રીને એસીબી ના સંકજામાં ધકેલાયો છે. તલાટીએ હિંમતનગરના મહાકાળી મંદિર રોડ પર આવેલ અંજલી પાર્ક સોસાયટી પાસે પૈસા લેતા રંગે હાથે ઝડપ્યો હતો.

સાબરકાંઠા જિલ્લામાં વધુએક તલાટી કમ મંત્રી એસીબીના સકંજામાં આવતાં સમગ્ર જિલ્લામાં ભારે ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## ખાનગી હોસ્પિટલમાં ઓપરેશન દરમિયાન મહિલાની પેશાબની બન્ને નળીઓ કપાઈ ગઈ હોવાનું સીટીસ્કેન દરમિયાન સામે આવ્યું હતું

# પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે ત્રણ કલાકની ભારે જહેમત બાદ કિડનીની બન્ને નળીઓ રીપેર કરી પેશાબની થેલીમાં પ્રત્યારોપણ કરવાનું સફળ ઓપરેશન

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૯

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના ભાગળ ગામના ૪૫ વર્ષીય મહિલા દર્દીને ગર્ભાશયની કોથળીમાં સમસ્યા હોવાથી ખાનગી હોસ્પિટલમાં ગર્ભાશયમાં કેન્સરની ગાંઠ અંગેનું ઓપરેશન કરાવ્યું હતું. મહિલા દર્દીના સગા દ્વારા જણાવ્યા અનુસાર ઓપરેશન પછી તેમણે પેશાબ ના આવવો અને પેટ ફૂલી જવાની સમસ્યા સર્જાઈ હતી. ત્યારબાદ તેમણે બહારની ખાનગી હોસ્પિટલમાં સીટી-સ્કેન કરાવતા જાણવા મળ્યું હતું કે ઓપરેશન દરમિયાન બન્ને બાજુની કિડનીની પેશાબની (યુરેટર) નળી કપાઈ ગઈ હતી. ત્યારબાદ તેમણે ખાનગી હોસ્પિટલમાં તાત્કાલિક ધોરણે બન્ને બાજુની કિડનીમાં પીસીએન નળી નાંખવામાં આવી હતી. પરંતુ આ કાયમી ઉપાય ના હોવાથી દર્દીને બન્ને કિડનીની પેશાબની નળી કપાઈ ગઈ હતી. તે માટેનું ઓપરેશન સમજાવવામાં આવ્યું હતું પરંતુ દર્દીની આર્થિક પરિસ્થિતિ સારી ના હોવાને લીધે ખાનગી હોસ્પિટલમાં ઓપરેશન કરાવવું એ ગરીબ અને મધ્યમ પરિવારને પરવડે એમ ના હોવાથી પાલનપુર ખાતે આવેલી જનરલ સિવિલ હોસ્પિટલના સર્જરી વિભાગ ખાતે ગત ૧૪ નવેમ્બરના રોજ લવાયા હતા. સિવિલ હોસ્પિટલ ખાતે તબીબો દ્વારા અગાઉના ખાનગી હોસ્પિટલના રિપોર્ટ તપાસ કર્યા બાદ જનરલ સિવિલ હોસ્પિટલ પાલનપુર ખાતે નવીન રિપોર્ટ કરવામાં આવ્યા હતા. જેમાં લોહીની તપાસ સીટીસ્કેન સહિતના રિપોર્ટ કરી અગાઉ ખાનગી હોસ્પિટલ ખાતે કરવામાં આવેલા ઓપરેશનમાં મહિલા દર્દીને કિડનીની બન્ને બાજુની નળીઓ કપાઈ ગઈ હોવાનું સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલા સીટીસ્કેન દરમિયાન પણ સામે આવ્યું હતું.



દૂરબીનથી તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે કિડનીની બંને નળી (યુરેટર) સંકોચાઈ ગઈ હતી અને તેમાં રહેલા કાપેલા અડધા ડીજેસ્ટેટના ટુકડા ઉપરની બાજુ સરકી ગયા હતા. આ બાબતની પરિવારને જાણ કરી પેશાબ માટે બન્ને બાજુની કિડનીમાં નળી(ડીજેસ્ટેટ) નાંખી મહિલા દર્દીને તૂટી ગયેલી બન્ને નળીઓનું જોડાણ પેશાબની થેલીમાં કરવાની ફરજ પડતાં યુરોલોજી વિભાગના હેડ ડો. સુનિલભાઈ જોશી તેમજ તેમની ટીમના ડો. સમીર મરેડિયા,ડો. અમૃત ચૌધરી ડો.અઈમાન પાયલા તેમજ એનેસ્થેસિયા ડૉક્ટર સહિતની ટીમ દ્વારા ત્રણ કલાકની ભારે જેહમત બાદ કપાયલી કિડનીની બન્ને નળીનું જોડાણ કરવામાં આવતા દર્દીને પીડા માંથી મુક્તિ મળતા મહિલા દર્દીએ હાશકારો અનુભવ્યો હતો. પરિવારે સિવિલ હોસ્પિટલ પરિવાર તેમજ નર્સિંગ સ્ટાફનો આભાર વ્યકત કર્યો હતો.

જનરલ સિવિલ હોસ્પિટલ પાલનપુર ખાતે બનાસના સાડા પાંચ લાખ પશુપાલકોના આર્થિક યોગદાન થકી નિર્માણ પામેલી પૂરા ભારતભરની એકમાત્ર જનરલ સિવિલ હોસ્પિટલ પાલનપુર ખાતે મેડીસીન, સર્જીકલ ,ઈ.એન.ટી સ્કીન,ડેન્ટલ તેમજ ઓર્થોપેડિક સહિતના વિભાગોમાં ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ તેમજ જનરલ સિવિલ હોસ્પિટલ પાલનપુર અને મેડીકલ કોલેજના ચેરમેન શ્રી પી.જે.ચૌધરીની દેખરેખ હેઠળ તમામ વિભાગોમાં ઉચ્ચકોટીની સારવાર સિવિલ હોસ્પિટલ પાલનપુર ખાતે આપવામાં આવી રહી છે.

## ગણપત યુનિવર્સિટીના 'એડવાન્સ ટેકનોલોજી સેન્ટર' દ્વારા ઇન્ડિયન સ્પેસ પ્રોગ્રામ ઉપર ઈસરોના વૈજ્ઞાનિકના વિશેષ વ્યાખ્યાનનું આયોજન

# 'ઇમર્જિંગ ટેકનોલોજી લેક્ચર સીરીઝ'ના ભાગરૂપે યોજાયેલા ડો.વી નારાયણના આ પ્રવચનમાં' ઇન્ડિયન સ્પેસ પ્રોગ્રામ:ઘી ન્યૂ ફ્રન્ટીયર્સ 'વિશે વિગતે છણાવટ થઈ!






(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

ગણપત યુનિવર્સિટીના એડવાન્સ ટેકનોલોજી સેન્ટર ફોર નેક્સ્ટ જનરેશન નેટવર્ક દ્વારા તાજેતરમાં એક પ્રેરણાદાયી એક્સપર્ટ લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો વિષય હતો 'ઈન્ડિયન સ્પેસ પ્રોગ્રામ : ઘી ન્યૂ ફ્રન્ટીયર્સ.'

'ઈમર્જિંગ ટેકનોલોજી લેક્ચર સીરીઝ ×ના વધુ એક મણકા રૂપે યોજાયેલા આ મહત્વપૂર્ણ વ્યાખ્યાનના નિષ્ણાત વકતા હતા. ડૉ. વી. નારાયણ. શ્રી નારાયણ લિક્વિડ પોપ્યુલસન સિસ્ટમ સેન્ટર, ઈસરોના ડાયરેક્ટર અને એપેક્સ સ્કેલના વિદ્વાન વૈજ્ઞાનિક છે. એમણે 'ઈન્ડિયન સ્પેસ પ્રોગ્રામ : ધી ન્યૂ ફ્રન્ટીયર્સ' ઉપર પ્રવચન આપી ઉપસ્થિત સહભાગી એવા ફેકલ્ટી મેમ્બર્સ, વિદ્યાર્થીઓ, અભ્યાસુ સંશોધકો, ઉદ્યોગના નિષ્ણાત મહાનુભાવોને ખુબ પ્રભાવિત કર્યા હતા.

ગણપત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ (દાદા), યુનિવર્સિટીના પ્રો ચાન્સેલર અને ડાયરેક્ટ જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્મા, એક્ઝિક્યુટિવ રજીસ્ટ્રાર ડો. ગિરીશ પટેલ, ડેપ્યુટી પ્રો વાઈસ ચાન્સેલર ડો. કિરણ અમીન, ફ્યુચર ટેકનોલોજીના ડીન પ્રો. ડો. રાકેશ વણઝારા સહિત અનેક મહાનુભાવોએ આ એકસપર્ટ લેક્ચરના અવસર ઉપર ખાસ ઉપસ્થિત રહી આયોજનની સાર્થકતામાં ઉમેરો કર્યો હતો.

પદ્મશ્રી ગણપતદાદાએ આ અવસરના મુખ્ય મહેમાન ડો. નારાયણનું યુનિવર્સિટી સ્ટોલ, બુક અને સ્મૃતિચિન્હ અર્પણ કરી સ્વાગત-અભિવાદન કર્યું હતું.

શ્રી ગણપતભાઈ પટેલે એમના વકતવ્યમાં કહ્યું હતું કે ટેકનોલોજીકલ ડેવલોપમેન્ટ્સની સાથે કદમ મિલાવતા જવાનું ખુબ મહત્વનું અને જરૂરી છે. રોકેટ લોન્ચરની જેમ તમારે ઉર્ધ્વગતિ સાધવી હોય તો જ્ઞાન દ્વારા તમારી જાતને પ્રજવલિત અને સજ્જ રાખવી જોઈએ અને તકોને પારકીને ઝડપી લેવી જોઈએ જેથી આગળ વધી શકાય.

સેટેલાઈટ એડવાન્સમેન્ટસ, રેકોર્ડ બ્રેકિંગ લોન્ચ જેવા આયામો સાથેના ઈન્ડિયન સ્પેસ પ્રોગ્રામ વિશે વિગતે વાત કરતા ડોક્ટર નારાયણે ચંદ્ર ઉપરના વોટર મોલેક્યુલેસ શોધી કાઢનાર ભારતની સિદ્ધિની ભારે સરાહના કરી હતી. એમણે ઈસરોના ભાવિ આયોજનની પણ વાત કરી હતી અને કહ્યું હતું કે ભારતના 'કોસ્ટ અફેકટીવ સ્પેસ મિશન્સ'નો વિશ્વ ઉપર બહુ મોટો પ્રભાવ છે.

સેટેલાઈટ અને રોકેટ્સની કોમ્યુનિકેશનથી માંડીને પૃથ્વીની ગતિવિધિ ઉપર નજર રાખવા સુધીની ઉપયોગીતા વિશે પણ એમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

ડોક્ટર નારાયણે વિદ્યાર્થીઓને અને સંશોધકોને વિનંતી કરી હતી કે તેઓ ભારતના મહત્વકાંક્ષી સ્પેસ મિશનમાં કંઈ ને કંઈ વિશેષ પ્રદાન જરૂર કરે. એમણે એવું પણ જાહેર કર્યું કે ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે ઈસરો દ્વારા આ ક્ષેત્રે પોતાનું પ્રદાન કરવા માટે વિશેષ તકો ઉપલબ્ધ છે, આવો !

ઈન્ટર્નશીપ, એકેડેમિક પ્રોજેક્ટસ, ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ સહિત અનેક રીતે સ્પેસ ટેકનોલોજીમાં સહયોગ સાધી શકાય તેમ છે.

ડોક્ટર નારાયણે વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી દ્વારા પણ સૌને મહત્વપૂર્ણ જ્ઞાન-માહિતી પીરસ્યા હતા. શ્રી નારાયણે લેક્ચરના આયોજન બાદ ગણપત યુનિવર્સિટી કેમ્પસની મુલાકાત લીધી હતી.

એમણે ગણપત યુનિવર્સિટીના શ્રેષ્ઠ કક્ષાના સેંટર્સ ઑફ એકસેલેન્સ સહિત સમગ્ર શૈક્ષણિક સુવિધાઓ જોઈ ભારે રાજીપો વ્યક્ત કરી, સરાહના પણ કરી હતી.

અવસરના સમાપનના સમયે ડો. કિરણ અમીને આભાર વિધિ કરી હતી.

## થરાદ પાસેની મુખ્ય કેનાલમાં યુવાને મોતની છલાંગ લગાવ્યાની શંકાએ શોધખોળ હાથ ધરી

થરાદ પાસેથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલ મોતની કેનાલ બની ગઈ છે. ગતરોજ એક યુવકની લાશ કેનાલમાં બહાર નીકળી હતી. જેના બાદ આજરોજ મુખ્ય કેનાલમાં મોબાઈલ મૂકી યુવાને કેનાલમાં છલાંગ લગાવી હોવાની શંકાએ ફાયર ટીમ દ્વારા શોધખોળ હાથ ધરી છે.

બનાસકાંઠા જિલ્લાના સરહદી પંથકમાં પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલ લોકોની જીવાદોરી સમાન છે. પણ સાથે સાથે મોતની કેનાલ પણ બની ગઈ છે ગતરોજ એક અજાણ્યા યુવકની લાશ કેનાલમાં ફાયર ટીમે બહાર નીકળી હતી. જેના બાદ મોડીસાંજે કોઈ યુવાન મોબાઈલ મૂકી કેનાલમાં ઝંપલાવ્યું હોવાની શંકાએ



ફાયર ટીમને જાણ કરતાં ફાયર ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી શોધખોળ હાથ ધરી હતી. જોકે ભારે શોધખોળ બાદ હજુ સુધી કોઈ મૃતદેહ મળી આવ્યો ન હતો.

ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે, સવારે અમને કોલ આવ્યો હતો કે કોઈ યુવાન મોબાઈલ મૂકી કેનાલમાં ઝંપલાવ્યું હોવાની શંકાએ અમે અમારી ટીમ સાથે શોધખોળ હાથ ધરી હતી. જોકે હજુ કંઈ મળી આવ્યું ન હતું. જોકે હજુ અમે ઝાળી બનાવી શોધખોળ કરી રહ્યા છીએ.

# સંક્ષિપ્ત સમાચાર



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

વાલમપરા પ્રાથમિક શાળા સી. આર. સી : વાલમ તા : વિસનગરમાં પ્રી - વોકેશનલ પ્રવૃત્તિ અંતર્ગત ધોરણ : ૬ થી ૮ ના બાળકો વાલમ ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર,ગ્રામપંચાયત,પોસ્ટઓફિસ, સાર્વજનિક પુસ્તકાલય અને બેંકના કર્મચારીને મળીને વ્યવસાયિક શિક્ષણની માહિતી મેળવી.ભારતના સાંસ્કૃતિક વારસા સમાન ગામના ઐતિહાસિક સ્થળો કૃષ્ણ મંદિર અને વાવની મુલાકાત લઈને માર્ગદર્શન મેળવ્યું હતું.

## બનાસકાંઠા આરોગ્ય વિભાગ દ્વારા પાલનપુર મફતપુરા વિસ્તારમાં નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન કરાયું



(ગરવી તાકાત) પાલનપુર તા.૧૯

બનાસકાંઠા જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ તાલુકા હેલ્થ ઓફિસર અનાવાડીયાના માર્ગદર્શન હેઠળ પાલનપુર તાલુકાના અર્બન હેલ્થ સેન્ટર - ૦૩ ના તાબા હેઠળ આવતા વોર્ડ નંબર ૪ના મફતપુરા વિસ્તારમાં આંગણવાડી કેન્દ્ર પર નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન કરાયું હતું.

અર્બન હેલ્થ ઓફિસર ડૉ.અર્ચનાબેન ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ કેમ્પમાં મેડિકલ ઓ.પી.ડી થકી સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ, કિશોર-કિશોરીઓ તેમજ નાના બાળકોના આરોગ્યની તપાસ કરાઈ હતી. લેબોરેટરી ટેકનિશિયન દ્વારા લાભાર્થીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. આ સાથે ઉપસ્થિતોને સરકારની આરોગ્યલક્ષી યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. આ કેમ્પમાં આરોગ્ય વિભાગના ડોકટર, કર્મચારીઓ, આશાબહેનો, આંગણવાડી કાર્યકર બહેનો હાજર રહ્યા હતા.

## છઠીયારડા પ્રાથમિક કુમાર શાળામાં આચાર્ય જયપ્રકાશ સથવારા તથા શિક્ષક કિરણભાઈ દરજીનો સ્વાગત-સન્માન સમારોહ યોજાયો



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

છઠીયારડા પ્રાથમિક કુમાર શાળામાં નવીન આચાર્ય જયપ્રકાશ સથવારા તથા નવીન શિક્ષક કિરણભાઈ દરજીનું શાળાના શિક્ષકો અને બાળકો દ્વારા સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. સભાની શરૂઆતમાં પ્રાર્થના થઈ ત્યાર બાદ શાળાના શિક્ષિકા મલ્લિકા પટેલે નવીન આચાર્ય અને નવીન શિક્ષકનું શાબ્દિક સ્વાગત કરી કુમકુમ તિલક કરીને આવકાર્યા હતા.

બાળકો અને શાળાના સ્ટાફ દ્વારા પુષ્પવર્ષા કરવામાં આવી અને શાલ ઓઢાડીને નવીન આચાર્ય જયપ્રકાશ સથવારા અને નવીન શિક્ષક કિરણભાઈ દરજી શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. બન્ને શિક્ષકોએ શાળાના વિકાસ અને બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે માટે બનતા પ્રયત્નો કરવાની બાંહેધરી આપી તથા શાળાના સ્ટાફ અને બાળકોને સ્વાગત સન્માન કરવા બદલ આભાર માન્યો હતો. નવીન આચાર્ય અને નવીન શિક્ષકની નિમણૂક થતા શાળાના ત્રણ શિક્ષિકા બહેનો મલ્લિકાબેન પટેલ, સોનલબેન પટેલ અને ભૂમિકાબેન પટેલે હરખથી બાળકોને તિથિ ભોજન આપ્યું હતું.

## ધોરણ ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ વારાણસીમાં રમાયેલ ૬૮મી નેશનલ સ્કૂલ ગેમ્સમાં ત્રીજો ક્રમ મેળવ્યો



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

શ્રી. વી. આર. કર્વે. પ્રોગ્રેસિવ પ્રાથમિક શાળામા ધોરણ ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થી દરજી શૌર્ય યોગેશભાઈએ ઉત્તરપ્રદેશના વારાણસીમાં રમાયેલ ૬૮મી નેશનલ સ્કૂલ ગેમ્સમાં વોલીબોલની રમતમા ભાગ લીધો હતો. જેમાં સમગ્ર દેશમાં ત્રીજું સ્થાન મેળવીને શાળાનું નામ રોશન કર્યું છે. કોચ તરીકે દશરથભાઈએ કામગીરી કરી હતી.

Volume : 10 Issue : 259 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002